ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૧ ટકા





ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત ગ્રીષ્મોત્સવના બીજા દિવસે બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચિત્ર સ્પર્ધા ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ તથા સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર એમ બે જગ્યાએ યોજાઈ હતી જેનો વિષય 'પાણી બચાવો' હતો. કુલ ૧૧૩ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લઈ 'જળ એ જ જીવન છે' અંતર્ગત અદભુત ચિત્રો દોર્યા હતા. આ ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે સાધનાબેન જોષી, વત્સલભાઈ વોરા, તૃષાબેન વ્યાસ, આરતીબેન ભટ્ટ અને તરંગભાઈ હાથીએ સેવાઓ આપી હતી. જયારે કલ્ચરલ ફોરમના વલ્લભભાઈ દેસાઈ, મેહુલભાઈ પટેલ, સુકેતુભાઈ મહેતા અને નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ તેમજ હાર્દિકભાઈએ કાર્યક્રમ યોજવા પાછળ ભારે જહેમત ઉઠાવી હતી.

# આજે પેથાપુર ખાતે રામી માળી સમાજનું ૧૪મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના પેથાપુર-રાંધેજા રોડ પર મોદી સમાજ સંચાલિત મોઢેશ્વરી ભવન ખાતે તા. ૧૩મી મે રવિવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ કલાક દરમિયાન રામી માળી સમાજના ૧૪મા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું આયોજન શ્રી રામી માળી જ્ઞાતિ સમૂહલગ્ન સમાજ મહેસાણા તથા માળી રામી સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરવામાં આવશે.

રામી માળી સમાજના જીવનસાથી પસંદગી મેળામાં નિવૃત્ત આચાર્ય બાબુભાઈ ખોડીદાસ રામી સમારંભના અધ્યક્ષપદે તેમજ પિયુષભાઈ રામી પાટણ, કાશ્મિરાબેન એમ. રામી દાસજ અને તેજલબેન એસ. રામી વિસનગર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સવારે ૯ થી ૫ જીવનસાથી પસંદગી મેળો યોજાશે તે દરમિયાન બપોરે ૧ કલાકે દાતાઓનું સન્માન અને બપોરે ૩ કલાકે તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે.

# માઉન્ટ કાર્મેલ સ્કુલ સામેની ઝાડીમાં ગળે ફાંસો ખાઈ યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલની સામેની ઝાડીઓમાં આજે વહેલી સવારે ૨૦ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ મામલે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલની સામેની ખુલ્લી ઝાડીઓમાં મૂળ દાહોદના વતની વાલસંગ ડામોર પરિવાર સાથે કાચુ ઝુંપડું બાંધી જીવન ગુજરાન ચલાવે છે. પરિવારમાં રહેતો ૨૦ વર્ષીય પ્રકાશ વાલસંગ ડામોર છુટક મજુરી કરી રહ્યો હતો. આ દરમિયાન ગત રોજ વીસ વર્ષીય પ્રકાશ મોડી રાત સુધી ઘરે ન ગયો હતો. વહેલી સવારે પિતા તેના પુત્રને શોધવા નીકળ્યા હતા જયાં મકાનથી થોડે દૂર ઝાડીઓમાં જ બાવળના ઝાડ ઉપર પ્લાસ્ટીકની દોરી વડે ગળે ફાંસો ખાધેલ મૃતદેહ નજરે પડતા ચોંકી ઉઠયા હતા. ૨૦ વર્ષીય યુવાને કયા કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો તેનું કારણ જાણવા મળ્યું નથી. આ મામલે સે-૨૧ પોલીસ મથકને જાણ થતા પોલીસે બનાવ સ્થળે આવી યુવાનના મૃતદેહને નીચે ઉતારી પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો જેની વધુ તપાસ જમાદાર મુસ્તાક ખાન ચલાવી રહ્યા છે.

# રાજયના પેન્શનરોને માસિક તબિબિ ભથ્થુ કેન્દ્રના ધોરણે આપવા રજુઆત

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સરકારના કર્મચારીઓ-પેન્શનરોના પડતર પ્રશ્નો અંગે રાજય સરકારમાં વારંવાર ગાંધીનગર શહેર પેન્શનર સમાજ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવે છે. જેમાં પેન્શનરોના પડતર પ્રશ્નોમાં મુખ્યત્વે રાજયના પેન્શનરોને કેન્દ્રના ધોરણે તબિબિ ભથ્થુ મંજુર કરવું, સિનિયર સિટીઝનને એસ.ટી.બસમાં મુસાફરી માટે બસ ભાડામાં રાહત આપવી અને તા.૧-૧-૧૮ થી ૨ ટકા મોંઘવારી રાહત મંજુર કરવી. આ પડતર માંગણીઓ અંગે સત્વરે નિર્ણય નહીં લેવામાં આવે તો પેન્શનરો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

જે તે સમયે રાજય સરકારે કર્મચારી-પેન્શનરોને કેન્દ્ર સરકારના પેન્શનરોને મળતા ધારાધોરણ મુજબ લાભો આપવા ગુજરાત સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે. કેન્દ્રના નિવૃત પેન્શનરોને તબિબિ ભથ્થા પેટે રૂ.૧૦૦૦ પ્રતિમાસ મળે છે.પરંતુ પેન્શનરોની આ વ્યાજબી માંગણી પ્રત્યે કોઈ પ્રતિભાવ આજદિન રાજય સરકાર દ્વારા સાંપડેલ નથી. જે પેન્શનરો માટે ખુબ જ નિરાશાજનક બાબત છે. જયારે એસટી બસમાં મુસાફરી માટે બસ ભાડામાં રાહત અંગે રાજય સરકારે શ્રવણ તિર્થયાત્રા યોજના અમલમાં મુકી છે. જેમાં શરતોને પગલે કોઈપણ વરિષ્ઠ નાગરીકો ખાસ યોજનાનો લાભ લઈ શકયા નથી. માત્ર સરકારી યોજનાઓ કાગળ પરની યોજનાઓ હોય તેવું લાગી રહ્યું છે. તેમજ ૨ ટકા મોંઘવારી ભથ્થું ગુજરાત રાજયના કર્મચારી પેન્શનરોને રોકડમાં ચુકવવાના આદેશ તાત્કાલીક અસરથી કરવામાં આવે તેવી ગુજરાત પેન્શર સમાજની લાગણી અને માંગણી છે.



## મારે પણ પાણી પીવું છે....!!

માનવી હોય કે પશુ, કુદરતે તેનામાં મુકેલી નૈસર્ગિક જરૂરિયાતો સામે તે લાચાર છે જેમ બે ટંક પેટનો ખાડો પુરવા માનવ કોઈ પણ હદે જાય છે તેમ ઉનાળામાં પાણીની તરસ છીપાવવી દરેક જીવ માટે પ્રાથમિકતા બની રહે છે અને જયારે તરસ લાગી હોય અને પાણી ના મળે ત્યારે હાલત કફોડી બની જાય છે. ગાંધીનગરના સેકટર-૧૧માં એક ચાની કિટલી પર ગ્રાહકોની તરસ છીપાવી વધુ ધંધો રળવાના આશયથી મુકવામાં આવેલ પાણીના માટલાના નળમાંથી ટપકતું પાણી પીવા પ્રયાસ કરતો શ્વાન કાળઝાળ ઉનાળાની આકરી ગરમીમાં લાગતી તરસ કેવી હોય છે તેની પ્રતિતિ કરાવે છે.

# સિવિલમાં રોજના ૪૦ થી વધુ ઝાડા ઉલ્ટીના દર્દીઓ દાખલ થાય છે

ગાંધીનગર, તા.૧૨

ઉનાળાની આકરી ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યા છે. બપોર બાદ નગર સુમસામ બની જાય છે ત્યારે ઉનાળાની ગરમીમાં અખાદ્ય ખોરાક તેમજ વિવિધ ઠંડા પીણા પીવાથી નાગરીકોને ઝાડા-ઉલ્ટીની અસર થઈ જાય છે. જેને પગલે ગાંધીનગર સિવિલમાં રોજના અંદાજીત ૪૦ થી વધુ ઝાડા-ઉલ્ટીના દર્દીઓ દાખલ થાય છે તો બીજી તરફ ૧૫ થી વધુ ઝાડા-ઉલ્ટીના દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ બનતા ઘરે જાય છે. હાલના સમયે સાતમા અને આઠમાં માળે આવેલ વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

જેમ ગરમીનો પારો ઉંચકાતો જાય છે તેમ રોજ બરોજ ઝાડા-ઉલ્ટીના કેસ પણ વધતા જાય છે. શહેરમાં પડી રહેલી કાળઝાળ ગરમીને પગલે નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. નગરમાં રસના કોલા, મીલ્ક શેક, ફ્રુટ સલાડ, બરફ સહિત વિવિધ પીણા તેમજ અખાદ્ય ખોરાકને પગલે પાણીજન્ય રોગચાળો વધુ વકર્યો છે. ગરમીને પગલે પણ નાગરીકોને ડાયેરીયાના કેસ વધી જવા પામ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં આવેલ સાતમા અને આઠમો માળ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. શહેરની સિવિલમાં રોજના ૪૦ થી વધુ દર્દીઓ ઝાડા-ઉલ્ટીના સારવાર માટે દાખલ થાય છે તો બીજી તરફ ઝાડા-ઉલ્ટીને પગલે સારવાર મેળવી સ્વસ્થ બનેલા ૧૫ થી વધુ દર્દીઓ ઘરે જાય છે. સાતમા અને આઠમાં માળે આવેલા બેડ ભરાઈ જાય તો દર્દીઓને અન્ય ખાલી રહેલા વોર્ડમાં પણ શીફટ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. જયારે બીજી તરફ ડોક્ટર્સનું વેકશન ચાલી રહ્યું છે જેથી સિવિલમાં હાજર તબિબની હાલત પણ અત્યંત કફોડી બની જવા પામે છે. ઓપીડીમાં પણ દર્દીઓની લાંબીલચક લાઈનો જોવા મળે છે, જયારે તાવ અને ઝાડા-ઉલ્ટીના કેસ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. શહેરના ખાનગી દવાખાના પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. ઉનાળાની ગરમી અને અખાદ્ય ખોરાકને પગલે ઝાડા-ઉલ્ટીના કેસ સામે આવી રહ્યા છે તેવું ડોક્ટર્સનું માનવુ છે.

# ચરેડી ફાટક પાસે ચાર સોલાર લાઈટની બેટરી સાથે બે ચોર ઝડપાયા

## ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે રૂ. ૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી




ગાંધીનગર, તા.૧૨

શહેરના ઘ-૭ નજીક ચરેડી ફાટક પાસેથી ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે સોલાર લાઈટની બેટરીની ચોરી કરનાર બે બેટરી ચોરોને રંગે હાથ ઝડપી પાડયા હતા અને આરોપીઓ પાસેથી ચાર સોલાર બેટરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં છેલ્લા ઘણા સમયથી મિલકત સંબંધિત ગુન્હાનું પ્રમાણ વધવા પામ્યું છે. પોલીસે પણ આરોપીઓને પકડવા કમર કસી છે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે સઘન પેટ્રોલિંગ હાથ ધરી આરોપીઓને ઝડપી પાડવા સઘન કાર્યવાહી શરુ કરી છે ત્યારે આજે શહેરમાં ઠેર ઠેર મોંઘી સોલાર બેટરીની ચોરી કરનાર ચોરોને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

ગાંધીનગર શહેરમાં વીસ દિવસ અગાઉ ખ-૬ સર્કલ સેકટર-૨૪ કમ્પાઉન્ડની દિવાલ પાસેથી સોલાર લાઈટની બેટરીઓની ચોરી થવાની ઘટના બની હતી. આ ચોરીના ગુન્હાને ઉકેલવા માટે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ વી.એમ. ઝાલા અન્ય પોલીસ કર્મી અશોકકુમાર, કિરીટકુમાર, દિલીપસિંહ, મહિપાલસિંહ ગત રોજ પેટ્રોલિંગમાં હતા તમામ પોલીસ કર્મીઓ ચરેડી ફાટક પાસે ઉભા હતા આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પ્લાસ્ટીકના કોથળામાં બેટરી લઈ જતા બે ઈસમોને પકડી પાડયા હતા. પોલીસે પુછપરછ કરતા આરોપી દિનેશ ઉર્ફે સુલતામ જગાજી વણઝારા (રહે. સંજરી પાર્ક સામે, નદી પાસે કાચા છાપરા પેથાપુર) તથા શૈલેષ બચુભાઈ દેવીપૂજક (રહે. ઈન્દીરાનગર મકાન નં. ૪૭૦ સેકટર-૨૪)એ વીસ દિવસ અગાઉ ખ-૬ સર્કલ નજીક સે-૨૪ પાસેથી સોલાર લાઈટના થાંભલા ઉપર ચઢી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ મામલે પોલીસે બંને આરોપી પાસેથી રૂ. ૮૦૦૦ની કિંમતની કુલ ચાર સોલાર લાઈટની બેટરી કબજે કરી બંને આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બ્રહ્મભટ્ટ સમાજના સરસ્વતી સાધના કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

આજકાલ દરેક મા-બાપને તેમનું સંતાન મોટું થઈ શું કરશે, તેને સારી નોકરી મળશે કે કેમ? તેણે કયા ક્ષેત્રમાં કારકિર્દી ઘડવી જોઈએ? તેવા સવાલો મુંઝવતા હોય છે, વળી અત્યારે બોર્ડની પરીક્ષાઓના પરિણામનો માહોલ ચાલી રહ્યો છે તેથી સંતાનોના પરિણામને આધારે તેણે કયા વિષયમાં અભ્યાસ કરવો જોઈએ જેથી તે ઉજજવળ કારકિર્દીને પામી શકે તે અંગે વાલીઓ સતત ચિંતિત હોય છે. આ સમયે બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા ગાંધીનગરમાં સમાજના સભ્યો માટે સરસ્વતી સાધના કારકિર્દી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

બ્રહ્મભટ્ટ યુવા નવ નિર્માણ સેના દ્વારા આયોજિત સરસ્વતી સાધના કારકિર્દી માર્ગદર્શન સેમિનાર આગામી તા. ૨૦મી જાન્યુઆરી રવિવારે સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગરના સેકટર-૧૨માં નર્સિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષપદે ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ અતિથિવિશેષ પદે લેખક, વકતા અને ટીવી પ્રેઝન્ટર ગીરીશ બ્રહ્મભટ્ટ તેમજ આમંત્રિત મહેમાનોમાં બોરલીના ભાજપ કિસાન મોરચા પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રવણસિંહ રાવ, રાજકીય સલાહકાર હર્ષદ બ્રહ્મભટ્ટ અને ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજના મહામંત્રી વાસુદેવભાઈ અજબાણી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ધો-૯ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને કારકિર્દી લક્ષી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

# શેરથા ગામે ઓરડીમાં છુપાયેલો રૂ. ૪.૧૪ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## અડાલજ પોલીસે દરોડો પાડી દારૂના જથ્થા સાથે એક આરોપીને પકડી પાડયો હતો : દરોડો જોઈ ત્રણ આરોપીઓ નાસી છુટયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકના શેરથા ગામે અડાલજ પોલીસે દરોડો પાડી ત્રણ ઓરડીમાં છુપાવેલ વિદેશી દારૂની ૯૩ પેટીના મુદ્દામાલ સાથે એક ઈસમની ધરપકડ કરી હતી જયારે અન્ય ત્રણ ઈસમો પોલીસને જોઈ નાસી છુટયા હતા. પોલીસે દરોડા દરમિયાન કુલ રૂ. ૪.૧૪ લાખના દારૂ સહિતનો રૂ. ૪.૪૧ લાખનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો હતો અને તમામ આરોપીઓ વિરુધ્ધ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર અડાલજ પોલીસ મથકના સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ એ.જી. એનુરકાર સહિતની ટીમના પોલીસ કર્મીઓને બાતમી મળી હતી કે શેરથા ગામે કેટલાક ઈસમો વિદેશી દારૂનો મોટો જથ્થો લાવી વેચાણ કરી રહ્યા છે. જે બાતમીની હકીકતના આધારે પીએસઆઈ એનુરકાર અને તેમની ટીમના પોલીસ કર્મીઓએ આયોજનબધ્ધ શેરથા ગામે પાણીના ટાંકાથી રામાપીર મંદિર તરફ જતા રોડ પર હરિજન વાસ સામે વાડામાં દારૂની પેટીઓ ભરેલ ત્રણ ઓરડીઓ પર દરોડો પાડયો હતો પોલીસે દરોડા દરમિયાન પરપ્રાંતીય બનાવટની વિદેશી દારૂની ૫ પેટી રોયલ ચેલેન્જ વ્હીસ્કી, ૭ પેટી મેકડોવેલ વ્હીસ્કી તથા ૨૭ પેટી જુબીલી ડ્રાય જીન મળી કુલ ૯૩ પેટીઓ જપ્ત કરી દારૂના જથ્થા સાથે આરોપી બુટલેગર અરજણ ઉર્ફે સાગર સારાભાઈ સાઢમીયા (દેવીપૂજક) (રહ. શેરથા)ને ઝડપી પાડયો હતો જયારે કિરીટ પટેલ તથા બાઈક નં. જીજે-૬-સીએફ ૩૭૦૨ની ઉપર આવેલ બે શખ્સો મળી કુલ ત્રણ આરોપીઓ નાસી છુટવામાં સફળ થયા હતા. દરોડામાં પોલીસે વિદેશી દારુ ઉપરાંત મોબાઈલ અને બાઈક મળી કુલ રૂ. ૪.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ આરોપીઓ વિરુધ્ધમાં અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવમાં સુખવિન્દરસિંહનો લાઈવ શૉ સાંજે ૭.૦૦ કલાકે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે યોજાશે.

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સાહિત્યિક બેઠક સાંજના ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે યોજાશે.

● શ્રી ગાંધીનગર શહેર સુવર્ણકાર મંડળ દ્વારા સોની સમાજ દ્વારા સમાજના યુવક યુવતીને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન હેતુ એક રોજગાર પરિસંવાદ ટાઉનહોલ સે-૧૭ ખાતે યોજાશે.

● વર્લ્ડ ઈનબોકસ દ્વારા વિના મૂલ્યે પાણીના કુંડા વિતરણ કાર્યક્રમ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન સે-૬ શાંતિ આર્કેડ બીજા માળે કાર્યાલય ઉપરથી કરવામાં આવશે.

● શ્રી રામી માળી જ્ઞાતિ સમૂહલગ્ન સમાજ તથા માળી રામી સમાજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે રાંધેજા પેથાપુર રોડ પર મોદી સમાજની વાડી મોઢેશ્વરી ભવન ખાતે સવારે ૯.૦૦ કલાકે ૧૪મો જીવનસાથી પસંદગી મેળો અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે.

● ગુજરાત આર.એન.ટી.પી.સી. કરાર બધ્ધ કર્મચારી સંઘની બેઠક સે-૧૨ આંબેડકર હોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ પાંચ ગોળ વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ સે-૨૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરની બાજુમાં ડીએસપી કચેરી પાછળ યોજાશે.

## વાતવાતમાં

● શહેરમાં વેકેશનની સીઝનનો લાભ લેવા આવેલા સે-૬ના મેદાન પરના આનંદમેળામાં શનિવારે કડવો અનુભવ થવા પામ્યો હતો. આનંદમેળાને અગમ્ય કારણોસર વહેલો બંધ કરવાની ફરજ પડાતાં ટિકિટના નાણાં ખર્ચીને પ્રવેશ લીધેલા નગરજનોને પૈસા માથે પડતા રોષની લાગણી જોવા મળી હતી.

## આજે આર્ટ ઓફ લિવીંગ શ્રી શ્રી રવિશંકરનો જન્મદિવસ ઉજવશે

દેશભરમાં આર્ટ ઓફ લિવીંગ થકી આધ્યાત્મિકતા સથે સ્વાસ્થ્યને સાંકળી નવી દિશા ચીંધનાર શ્રી શ્રી રવિશંકરનો તા. ૧૩મી મેના રોજ જન્મદિવસ છે. ગાંધીનગરના આર્ટ ઓફ લિવીંગ એકમ દ્વારા આ દિવસની ઉજવણી મહાક્રિયા, સેવા પ્રોજેકટ અને મહાસત્સંગ થકી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરના જન્મદિને આયોજિત કાર્યક્રમ ગાંધીનગરના સે-૧૨માં ઘ રોડ સ્થિત બલરામભવન ખાતે યોજાશે. જેમાં સવારે ૭ કલાકે મહાક્રિયા યોજાશે. જેમાં જે સભ્યોએ તેનો કોર્સ કરેલો છે તેઓ જ સામેલ થઈ શકશે. આ પ્રસંગે હાથ ધરાનાર સેવા પ્રોજેકટ અંતર્ગત સાંજે ૬.૩૦ કલાકે શહેર ઝુંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદોને ફુડ પેકેટસનું વિતરણ કરાશે. આ ઉપરાંત બલરામ ભવન ખાતે સાંજે ૮.૩૦ કલાકે મહાસત્સંગ યોજાશે જેમાં શહેરના તમામ આર્ટ ઓફ લિવીંગ કેન્દ્રોના મહાક્રિયાના સાધકો જોડાશે.

## ચિરવિદાય

- સ્વ. કિશન પ્રતાપભાઈ વણઝારા, ઉ,વ, ૨૨
- સ્વ. ઠાકોર ભીખાભાઈ રામાજી, ઉ.વ. ૪૦
- સ્વ. શિવાજી ચુંડાજી ખાંટ, ઉ.વ. ૩૫
- સ્વ. ગોહિલ દશરથસિંહ મોતીસિંહ, ઉ.વ. ૫૨